**બુધ સાથે :** વર્ષમાં એક વાર સાથે આવે. નર્વસ પ્રોબ્લેમ, ચામડીના રોગ, પેરાલીસીસ, આંતરડાની બિમારી, કબજિયાત અને કન્ફયુઝન આપે છે. આ યુતિ ૮/૧૨ મે હોતાં ડ્રગની લત પાડે છે.

**ગુરૂ સાથે :** ૭ વર્ષમાં ૧ વાર સાથે આવે. ચાંડાળયોગ રચે છે, ધર્મ-પરિવર્તન કરી શકે, આબરૂ બગાડે, લીવર-પેન્ક્રીયાસ બગાડે, બહેરાશ આપે, immoral બનાવે, પુત્ર-પિતા-પતિને પ્રોબ્લેમ આપે.

**શનિ સાથે :** ૧૧ વર્ષે એકવાર સાથે આવે. આબરૂ બગાડે, લેબર પ્રોબ્લેમ આપે, રૂમેટીઝમ-સ્પોન્ડીલાઈટીસ, વધુ પડતો કફ અને શ્વાસમાં તકલીફ આપે છે.

જો લગ્નેશ નબળો અને અશુભ સ્થાને હોય અને રાહુથી અસરગ્રસ્ત થાય તો મોટો રોગ આપે છે. રાહુ/કેતૂ રાજયોગ જેવું ફળ આપે જો કેન્દ્ર કે ત્રિકોણમાં સ્થિત હોય.

**રાહુ થકી વ્યવસાય :** રાજકીય ક્ષેત્ર, કોલસો, ડોકટરી, ગાંજો, ભાંગ, સિગરેટ, હુક્કો, ચલમ, અઘોરી વિદ્યા, પેથોલોજી, બોરીંગ, ખાણિયા, ગટર કામ, ઠાઠડીનો સામાન, ભિક્ષુક, પોલાદ, મંત્રશાસ્ત્ર, ઉપાસના, ગુફામાં કામ કરનાર, ખાટકી.

**રાહુ થકી રોગ :** રાહુથી થતા રોગ ઘણીવાર સમજાતા નથી. હરસમસા, પેશાબના રોગ, ગેસ્ટ્રો, ગેસ, ગુદાના રોગ, ભૂલી જવું, વાત પ્રકૃતિ, આળસ, શરીર પર ગાંઠ થવી, ભગંદર, અવયવનું કપાઈ જવું, ઓપરેશન, ગુમડા, ફોડલા વગેરે અને માનસિક રોગો, અને રાહુ/કેતૂની axis થી કોઈ ખૂબ જ નબળો ગ્રહ અસરગ્રસ્ત થાય તો કેન્સર થવાનો ભય ઉભો થાય છે.

**રાહુથી દર્શાવાતા અવયવો :** ધડ, ગુદા, પેહુની આસપાસના અવયવો, મળ, બરોળ, હાડકાં.

**રાહુનું કારકત્વ :** દાદા, પાવર, ભ્રષ્ટાચાર, અપમૃત્યુ, અપકિર્તી, બંધન, મોભો, તંત્રમંત્ર, રાજકારણ, જેલ, નાસ્તિકતા, ઝેર, દવા, અલ્કોહોલ, આંખનો મોતિયો, કોર્ટ કજિયા, લગાવ, શિક્ષક, બોસ, લીડર, લત, extremes - પરદેશ, ડર.

**રાહુ અને શેર બજાર :**

૧) ગુરુની રાહુ/કેતૂ સાથની યુતિ દર ૩-૫ વર્ષે થાય છે.

૨) શનિની રાહુ/કેતૂ સાથેની યુતિ દર ૬ વર્ષે થાય છે.

૩) રાહુ/કેતૂ સાઇકલ દર ૯ વર્ષે બદલાય છે.

આ બધાનું inter relation શેર બજારમાં તેજી મંદી આપે છે.

**રાહુ થકી પિતૃદોષ :**

૧) રાહુ જો ૨, ૫, ૮, ૧૧ ભાવમાં હોય.

૨) રાહુ/કેતૂ સૂર્ય અથવા ચંદ્ર સાથે હોય.

જન્મમા રાહુ અથવા કેતૂ, ગુરુ સાથે નવપંચમ કરતાં લોટરી લાગવાનાં ચાન્સ બેહદ વધી જાય છે.

પિતૃદોષ નડતો હોય તો રાહુ તથા ગુરુ બન્નેને સુધારવા.

**ગ્રહણો :** આપણે જાણીએ છીએ કે ગ્રહણો રાહુ/કેતૂથી થતા હોય છે. ગ્રહણ વખતે રાહુ/કેતૂ ૨ થી ૩ મહિના સ્થંભી જણાય છે. તે સમય દરમિયાન યાદગાર બનાવ બનતા હોય છે. જેવા કે ધરતીકંપ, જ્વાળામુખી, યુદ્ધ માટેનો ગુસ્સો, બળવો. ઝડપી ગ્રહો, ગ્રહણયોગ સાથે આવતાં દેશનું ભાવિ નકકી કરે છે. રાહુ/કેતૂ કદી પણ માર્ગી થતા નથી તે સમજી લેવું.

**વર્ગ કુંડળી અને રાહુ :**

વર્ગકુંડળીમાં રાહુ કેન્દ્ર કે ત્રિકોણમાં આવતાં, તે વર્ગકુંડળીનું ફળ મળતું નથી. નવમાંશ કુંડળીમાં કોઈપણ ભાવનો અધિપતિ, રાહુ સાથે સંબંધિત થતાં તે ભાવનું ફળ બગાડે છે.

**રાહુ દશા : ૧૮ વર્ષ**

રાહુ ભાવમધ્ય પર લાંબી અસર છોડે - ભાવમધ્યથી દૂર ટૂંકી મુદતની અસર એમ સમજવું, નાનપણમાં રાહુની દશા ૧૪ વર્ષ પહેલાં પૂરી થાય, અને ગુરુ બળવાન, શુભ હોય તો બધું જાતકને સમયસર મળે છે અને જલ્દી સેટલ થાય છે. સાથે સાથે બીજા ગ્રહો પણ શુભસ્થિત હોય તો extra-ordinary lift જાતકને મળતી હોય છે. જે અસામાન્ય પ્રગતિ આપનાર ઠરે.

રાહુની દશા ૫-૮-૧૨ ભાવ સાથે સંબંધિત થતાં ખૂબ ખરાબ રીતે ફસામણી થતી જોવા મળે છે. રાહુ એક ભ્રમ પેદા કરતો હોવાથી, રાહુ દશામાં ફસાવનાર લોકો જ મળતા હોય છે. માટે લગ્ન, પ્રેમ, ધંધો, રોજગારમાં સાવધ રહેવું. ભૂત-પ્રેત બાધા થઈ શકે. માટે નિર્જન સ્થળે ન જવું. રાહુની દશામાં જાતક આત્મવિશ્વાસ ખોઈ નાંખે છે. માટે રાહુની દશા ચાલતી હોય તો નીચે પ્રમાણે ધ્યાન આપવું.

૧) કોઈનો વિશ્વાસ ન કરવો. ૨) ઉધાર કે ઉછીના પૈસા આપવા નહીં. ૩) જામીન બવનું નહીં. ૪) ભાગીદારીમાં ધંધો કરવો નહીં. ૫) એક કર્જ ચુકવવા બીજું કર્જ તો ન જ કરવું. ૬) ગેરકાયદેસર કામ ન કરવું.

**રાહુનું ગોચર ફળ :** નીચનો રાહુ ગોચરમાં ૬-૮-૧૨ મે આવતાં - ચોરી, અગ્નિ, ખર્ચ, દેવું, અડચણ, પરદેશગમન, ખરાબ તબિયત વગેરે ફળ આપે છે. ગોચર રાહુ જ્યારે જન્મના રાહુ પર અથવા કેતૂ પર આવે, મુશ્કેલી, અડચણ વગેરે ઉભું કરે છે. મુશ્કેલી મોટી હોઈ શકે જો તે ભાવમધ્ય પર આવે, તે સ્થંભી બને, તેનો રાશિયાધિપતિ નબળો હોય અને તે જો દુઃસ્થાનમાં હોય.

ગોચરમાં ઉચ્ચનો રાહુ બળવાન શુભગ્રહ પર અસર કરે, સારું એવું ધન મળે. નિર્બળ શુભગ્રહ પર અસર કરે, ખોટી આશા આપે અને અશુભ ગ્રહ પર અસર કરે, ફળમાં મોડું કરે.

**પ્રશ્ન જ્યોતિષ અને રાહુ :**

જે દિવસે ચંદ્ર, રાહુના નક્ષત્રમાં હોય, તે દિવસે દુઃખી, સંકટમાં પડેલા લોકોના પ્રશ્નો વધુ આવે છે.

જે દિવસે ચંદ્રનું જ કે શુક્રનું નક્ષત્ર હોય, તે દિવસે સુખી માણસોના પ્રશ્નો આવે. જેવા કે બીજી ગાડી લઉં?

**ઉપાય :** ૧) યમની હકીકનું નંગ પહેરવું અથવા સુલેમાની લસણિયું નંગ પહેરવું.

૨) માતાપિતાની સેવા કરવી. ૩) પક્ષીને ભોજન (ખાસ કરીને મીઠાઈ આપવી)

૪) વૃદ્ધાશ્રમમાં દાન કરવું.

૫) નંગ, દશા (અંતરદશા લેવું) હોય એટલો સમય જ પહેરવું.

શુભમ્ ભવતું ।

**-કુંદનબેન જે દેસાઈ**

---

## કુંડળીનું નવમું અને દસમું સ્થાન ઋણાનુબંધનું સૂચન કરે છે.

૧) જન્મકુંડળીમાં જન્મલગ્નથી ૯મું તથા ૧૦ મું સ્થાન કંઈ રાશિના છે તે જાણી લો. આ રાશિના લગ્નોવાળી વ્યક્તિ એ તરફ ૧૦૦% કુણી લાગણી ધરાવે છે. ૯ મું સ્થાન પ્રારબ્ધ અને ભાગ્ય, ૧૦ મું સ્થાન ઋણાનુબંધ.

૨) રાહુ આપણા તમામ પૂર્વજન્મ સાથે સંકળાયેલો ગ્રહ છે. જે રાશિમાં રાહુ હોય તે રાશિના લગ્નવાળી વ્યક્તિ સાથે ઋણાનુબંધનો સંબંધ હોય છે. અને કોઈ ઋણાનુબંધથી જ આવી વ્યક્તિઓ આપણા જીવનમાં પ્રવેશ મેળવતી હોય છે.

૩) વર-કન્યાની કુંડળીના મેચિંગ વખતે વરની જે રાશિમાં રાહુ હોય તે જ રાશિમાં કન્યાને શુક્ર હોય તો દંપતિને એકબીજા વગર ચાલતું નથી.

૪) કોઈનો ગુરૂ જો આપણા લગ્નમાં ગોઠવાય, ધન સ્થાને ગોઠવાય કે ભાગ્ય સ્થાને ગોઠવાય તો તે વ્યક્તિથી આપણુ આર્થિક લેણુ રહે. અને એનાથી હંમેશા આપણને ધનલાભ રહે. એ વ્યક્તિ આપણી ઉન્નતિમાં રસ લે.

# પ્રશ્નકુંડલીમાં ચંદ્રનો વિચાર

પ્રશ્ન કુંડલીમાં ચંદ્ર મુખ્ય કર્તા-હર્તા છે. ચંદ્ર એ કાર્યસિધ્ધિનું બીજ છે. પ્રશ્ન કુંડલીમાં બળવાન ચંદ્ર વગર કાર્યસિધ્ધિ થતી નથી. ચંદ્રને જાતકનું મન માનવામાં આવે છે. ચંદ્ર પ્રશ્નકર્તાની મનોસ્થિતિ દર્શાવે છે. પ્રશ્નકર્તાનાં મનમાં ચાલતા વિચારો ચંદ્રથી જાણી શકાય છે. પ્રશ્નકર્તા કુટિલ મનનો છે કે સરળ મનનો છે તે જાણી શકાય છે. ચંદ્ર ઉપર ગુરુની દ્રષ્ટિ હોય તો પ્રશ્નકર્તા સરળ મનનો છે અને ચંદ્રથી શનિ કેન્દ્રનો હોય, અને બુધ અસ્તનો હોય અને ચંદ્ર ઉપર મંગળની દ્રષ્ટિ હોય તો પ્રશ્નકર્તા કુટિલ મનનો છે તેમ કહી શકાય. ચંદ્રનો સંબંધ રાહુ-શનિ જેવા ગ્રહોથી હોય તો જાતકનું મન અસ્વસ્થ હોય કે મનમાં પ્રપંચ હોય અને ચંદ્ર ૬, ૮, ૧૨ ભાવમાં પાપયુક્ત/દ્રષ્ટ હોય તો જાતક વહેમીલો અથવા વિચિત્ર સ્વભાવનો હોય તેથી તેનાં મનનું સમાધાન થાય નહિ.

પશ્નકુંડળીમાં બળવાન ચંદ્ર અતિશુભ માનવામાં આવે છે. લગ્નમાં પૂર્ણચંદ્ર, ગુરુ-શુક્ર જેવા શુભ ગ્રહોથી યુકત કે દ્રષ્ટ હોય તો કાર્યસિધ્ધિનો યોગ આપે છે. લગ્નેશ અને કાર્યેશ ઉપર ચંદ્રની દ્રષ્ટિ હોય તો કાર્યસિધ્ધિ થાય છે. પ્રશ્ન લગ્નેશ અને ચંદ્રનો કાર્ય ભાવ ઉપર ઉપસ્થિતિ હોય તો કાર્યસિધ્ધિ થાય છે. શુભફળ દાતા છે.પૂર્ણ ચંદ્ર કેન્દ્ર, ત્રિકોણમાં કે સ્વરાશિમાં, ઉચ્ચનો કે મિત્રરાશિમાં નવમાંશમાં પણ વર્ગોતમી હોય કે સ્વનવમાંશી હોય કે ઉચ્ચનવમાંશમાં હોય તો બળવાન ગણાય છે. કેન્દ્ર ત્રિકોણ ઉપરાંત ઉપચય સ્થાનમાં ચંદ્ર સ્વાસ્થ્ય વર્ધક હોય છે.

રોગીના પ્રશ્નમાં, જીવન મરણ સંબંધી પ્રશ્નમાં ચંદ્રનું વિશેષ મહત્વ છે. લગ્નમાં કેન્દ્ર ત્રિકોણમાં શુભ યુકત/દ્રષ્ટ ચંદ્ર તંદુરસ્તી બક્ષે છે. જયારે પાપયુકત કે દ્રષ્ટ ચંદ્ર રોગી માટે ઘાતક નીવડે છે. ચંદ્ર ૬, ૮, ૧૨મા હોય અને ૨, ૭, ૧૨મા પાપગ્રહો હોય તો રોગી મૃત્યુકારક થાય છે.

લગ્નેશ અને ચંદ્ર ચતુર્થ ભાવમાં હોય તો જમીનથી ખેતીથી કે મકાનથી લાભ સૂચવે છે. લગ્નેશ અથવા ચંદ્ર બેમાંથી એક પણ કાર્યભાવમાં હોય અને અશુભ ગ્રહથી યુકત કે દ્રષ્ટ ન હોય તો શુભફળ આપે છે. આ જ પ્રમાણે ધન લાભના પ્રશ્નમાં લાભ આપે છે, સંતતિના પ્રશ્નમાં સંતતિનો લાભ આપે છે. લગ્નમાં ચંદ્ર હોય અને તેના પર શુભગ્રહની દ્રષ્ટી હોય તો ખોવાયેલી વસ્તુની પ્રાપ્તિ થાય છે. અન્ય ભાવનાં પ્રશ્નમાં આ પ્રમાણે શુભ ફળ મળે છે.

પશ્નશાસ્ત્રમાં પ્રશ્નકર્તા જયારે પૂછે કે મારૂ કાર્ય ક્યારે થશે? તે જાણવા માટે ચંદ્રને સર્વોપરિ મહત્વ અપાયું છે. ફળપ્રાપ્તિના પ્રશ્નમાં ચંદ્રના ગોચરનાં ભ્રમણને જ વધારે મહત્વ અપાયું છે. પ્રશ્ન કુંડળીમાં જો કાર્યસિધ્ધિ યોગ હોય અને ગોચરનો ચંદ્ર જયારે કાર્યભાવમાં આવે ત્યારે ફળની પ્રાપ્તિ થાય છે.

આ રીતે પ્રશ્ન કુંડળીમાં ચંદ્રની સ્થિતિનું વિશેષ મહત્વ છે. પ્રશ્ન કે વિચારનું ઉદ્‌ગમ સ્થાન છે. બળવાન મનવાળા વ્યકિત વિપરીત પરિસ્થિતિમાં પણ મનોબળના સહારે હિંમતથી ધીરજથી કામમાં સફળતા મેળવે છે, જયારે નિર્બળ મનવાળા વ્યક્તિ અનુકૂળ સંજોગોમાં પણ લાભ લઈ શકતા નથી અને અસફળ થાય છે.

- જયશ્રી શુક્લ

આનંદ એક અમૃત છે. પણ તેને પામવા માટે મંથન કરવું જોઈએ. તેને દુઃખના વલોણામાંથી જ પામી શકાય છે.

# અંકશાસ્ત્ર

**અંક ૧ : સૂર્ય**
નવ ગ્રહમાં વડો, આત્માનો કારક, સર્જનાત્મક વૃત્તિ, દૃઢ વ્યક્તિત્વ, મહત્વાકાંક્ષી, અભિપ્રાયોમાં મક્કમ.
**શુભ વાર :** રવિ, સોમ **શુભ તારીખ :** ૧૦, ૧૯, ૨૮

**અંક ૨ : ચંદ્ર**
મનનો કારક, લાગણીશીલ, કલ્પનાશીલ, સૌમ્ય ગ્રહ, કલા કૌશલ્યની સૂઝ, શારીરીક શક્તિ મધ્યમ, ગુઢ અને આધ્યાત્મિક વિદ્યા. **શુભ વાર:** રવિ, સોમ, શુક્ર **શુભ તારીખ :** ૨, ૧૧, ૨૦, ૨૯

**અંક ૩ : ગુરૂ**
જ્ઞાનનો કારક, આશાવાદી, ખાનદાની, ધૈર્યતા, શિસ્ત, નિયમિતતા, સફળતા, આનંદ, વિશ્વાસ,
**શુભ વાર :** ગુરૂ, રવિ, સોમ, મંગળ **શુભ તારીખ :** ૩,૧૨,૨૧,૩૦

**અંક ૪ : હર્ષલ**
બંધાન સામે બળવો કરે, ક્રાંતિકારી, વિરૂદ્ધ પક્ષે દલીલ કરે, ભૌતિક સુખ માટે બેદરકાર, વિદ્રોહ કરે.
**શુભ વાર :** શની, રવિ, સોમ **શુભ તારીખ :** ૪, ૧૩, ૨૨, ૩૧

**અંક ૫ : બુધ**
બુદ્ધિનો કારક, પ્રવાસનાં શોખીન, બુદ્ધિજીવી, બહુમુખી પ્રતિભા, અસ્થિર સ્વભાવ, વાતોડીયા.
**શુભ વાર :** બુધ, શુક્ર **શુભ તારીખ :** ૫, ૧૪, ૨૩

**અંક ૬ : શુક્ર**
ભૌતિકતાનો કારક, સંધ્યાટાણે સૌ થી વધુ ચળકતો, સંગીત, નૃત્ય, નાટ્યકલા, શોખીન, પ્રભાવશાળી વ્યક્તિત્વ. **શુભવાર :** ગુરૂ, શુક્ર, મંગળ **શુભ તારીખ :** ૬, ૧૫, ૨૪

**અંક ૭ : નેપચ્યુન**
ગુઢ વિદ્યા પ્રત્યે પ્રેમ, બંડખોર, જન્મજાત લડવૈયા, વિલક્ષણ, સ્વતંત્ર મૌલિક વિચાર ધરાવનાર
**શુભવાર :** રવિ, સોમ **શુભ તારીખ :** ૭, ૧૬, ૨૫

**અંક ૮ : શની**
આયુષ્ય કારક, ઠંડા, ઉમળકા વિનાનાં મરજાદી, નિર્બળ, દુ:ખી, ચિંતા કરવાવાળા, નિરાશાવાદી અને સહનશીલતાવાળા. **શુભ વાર :** શની, રવિ, સોમ **શુભ તારીખ :** ૮, ૧૭, ૨૬

**અંક ૯ : મંગળ**
પરાક્રમનો કારક પ્રબળ ઈચ્છા શક્તિ ધરાવનાર, દૃઢ મનોબળવાળા, સેનાપતિ જેવા, વિરોધનો હિંમતપૂર્વક સામનો કરવાવાળા, નિ:સ્વાર્થ પ્રેમ, વિજાતીય વ્યક્તિમાં લોકપ્રિય.
**શુભ વાર :** મંગળ, ગુરૂ, શુક્ર **શુભ તારીખ :** ૯, ૧૮, ૨૭

૧) મૂળાંક એટલે ફક્ત જન્મ તારીખ = ૧૦ = ૧+૦ = ૧

૨) ભાગ્યાંક એટલે જન્મ તારીખ + માસ + વર્ષ = ૧+૦ + ૧+ ૧+૯+૪+૯=૨૫=૨+૫=૭

૩) નામાંક એટલે જાતકનું આખું નામ અને તેના અંકનો સરવાળો
ANJALI DAVE
151131 4165 = 28 = 2+8 = 10 = 1

૪) મનોબળાંક એટલે મનની શક્તિ - મનોબળ, મક્કમતા
ANJALI DAVE
1 1 1 1 5 = 9

૫) પ્રભાવાંક અથવા વ્યક્તિત્વાંક - એટલે જાતકનું વ્યક્તિત્વ
ANJALI DAVE
51 3 4 6 = 19 = 10 = 1

આ રીતે મૂળાંક, ભાગ્યાંક, નામાંક, મનોબળાંક, વ્યક્તિત્વાંક થી જાતકનો સ્વભાવ, મનની મક્કમતા, વ્યક્તિત્વ, ભાગ્ય વગેરે જોઈ શકાય.

- વાસંતી ભદ્રા

# ગુરૂ પૂર્ણિમા

***What is Guru?***

*Guru is Leader who loves, learns, leads & listen. To lead the society, who gives shift to live, create something out of nothing, unstoppable who cannot be mediocre.*

ગુરુ શબ્દમાં 'ગુ' એટલે અંધકારનું પડળ અને 'રુ' એટલે તિમિરનો હરનાર. બીજા શબ્દોમાં કહીએ તો અંધારનો નાશક. આપણા જીવનમાં છવાયેલા અજ્ઞાનરૂપી અંધકારમાંથી રસ્તો કાઢનાર, માર્ગ દેખાડનાર, સત્યના રસ્તે દોરી આપણો ઉદ્ધાર કરનારને ગુરૂ કહેવાય. અહી વાત નીરમલબાબા કે પોલબાબાની વાત નથી એ તો આખુ જગ જાણે છે ગુગલબાબાએ કેવા ઉઘાડા પાડી દીધા? લેનિનમાં ગુરૂને 'ગ્રેવીસ' (સચોટ) અને ગ્રીકમાં એને 'બેરૂસ' અને સંસ્કૃતમાં 'ગ્રી' (તારવું) એવો અર્થઘટન થાય છે. કબીર થી લઈ બ્રહ્માનંદ પુરાણ સુધી દરેકે ગુરૂને ઈશ્વર કરતા મહાન હોવાની વાત કહી છે. જરૂરી નથી કે ગુરૂ બે પગાળો અને દશશેરીવાળો વ્યક્તિ જ હોય. એક સુંદર પુસ્તક ગુરૂનું સ્થાન લઈ શકે, Face Book, Twitter પણ લઈ શકે. ગુરૂ પાસે પ્રત્યક્ષ કે અપરોક્ષ એમ બે પ્રકારે વિદ્યા પ્રાપ્ત કરી શકાય. ગુરૂની હાજરીમાં તેમની સામે બેસી શીખવું અને ગુરૂથી દૂર રહી એમની દરેક ખાસિયતો, આવડતોનું અવલોકન કરીને પણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે. દા.ત. કર્ણ આદર્શ શિષ્યને ગુરૂભાવ બન્ને પ્રકારે સરખો જ રહેવાનો, એને માટે ગુરૂનું સ્મરણ કે ચરણસ્પર્શ બધું એક છે. શિષ્ય જયારે ગુરૂમાં અતુટ વિશ્વાસ મુકી એનું જીવન ગુરૂના હાથમાં સોપે છે ત્યારે શિષ્યની સાથે સાથે ગુરૂની જવાબદારી પણ વધી જાય છે. કહો કે બમણી થઈ જાય છે.

નિઃસ્વાર્થ ભાવે પોતાની સમગ્ર સર્જન શક્તિ શિષ્યની સામે ખુલ્લી ભૂકી દઈ અને લાયક બનાવે અને જયારે શિષ્ય સ્વરજલધિમાં ડૂબકી મારી, પહેલાં છબછબીયા પછી તરતા શીખી જાય ત્યારે શિષ્ય તરફથી યશની અપેક્ષા રાખ્યા વગર  આશિર્વાદ આપે એ આદર્શ ગુરૂની વ્યાખ્યા છે. જો એ આદર્શ શિષ્ય હશે તો સ્વયં યોગ્ય તક જોઈ પોતાના ગુરૂનું સન્માન કરી એમને સફળતાનો સંપૂર્ણ યશ આપશે જ.

આ બધુ આદર્શવાદના દાયરા સુધી સીમિત છે. મે તો નજરોનજર નિહાળ્યું છે ગુરૂને ઘરમાં પગલા કરાવવા માટે રૂપિયા આપવા પડે છે. અપવાદો બાદ કરતાં હકીકત તદ્દન જુદી છે, વેગળી છે. આપણે ત્યા અસુરક્ષિતતાથી અવિરત પીડાતા ગુરૂઓનું સામ્રાજય છે. શિષ્યને પોતે મેળવેલું જ્ઞાન પુરું આપવું કે નહી, પોતે મેળવેલા ખજાનામાંથી ઉમદા રચના આપવી કે નહીં, તેનો હજારવાર વિચાર કરશે, રખે શિષ્ય મારાથી આગળ વધી જાય એવા ડરથી અમુક તરકીબો, હરકતો, યુક્તિઓ અને હુકુમના પાના પોતાની પાસે રાખે છે.

આદર્શ ગુરૂની પ્રાપ્તિ જીવનમાં સાફલ્ય લાવે છે. આદર્શ ગુરૂઓને આદર્શ શિષ્યો મળ્યા છે એનો ઈતિહાસ સાક્ષી છે. નિઃસ્વાર્થ જ્ઞાન પ્રદાનના ધ્યેય સાથે નિષ્ઠા અને પોતાનામાં દ્રઢ વિશ્વાસ સાથે શિષ્યને સમર્પિત હોય એ આદર્શ ગુરૂ. આદર્શ શિષ્યને જાહેરમાં ગુરૂના ચરણસ્પર્શનો દેખાડો કરવાની કોઈ જરૂર નથી પડતી, છતાંય એ ગુરૂનું હાર્દિક સન્માન કરવાનું કયારેય નથી ચુકતો. સામાન્યપણે શિષ્યો વરસના વચલે દહાડે ગુરૂ પૂર્ણિમાં ઉજવી ગુરૂના ઉપકારનો ભાર ઉતારી દે છે. આદર્શ શિષ્યને મન તો દરરોજ ગુરૂ પૂર્ણિમાના ઉત્સવ હોય છે. એ પ્રેમ, શાંતિ, જ્ઞાન અને ઉત્સવના ચાર પાયાનો ખાટલો સમજે છે. જે સાચા ગુરૂ તરફથી મળ્યુ છે એનું ઋણ કયારેય ચુકવી શકાતો નથી એ હકીકત થી આદર્શ શિષ્ય Alert, Aware, Awake હોય છે.

કેટલાક ગુરૂતો પોતાની વિચારશૈલી અતિ સંકુચીત અને નિમ્નકક્ષાની હોવાથી શિષ્યની રળેલી રોટલીમાંથી અડધી પડાવી લેવાની ખેવના ધરાવતા હોય છે. આ આજકાલની વાત નથી, સંભવામી યુગે યુગે - યુગોથી ચાલતું આવ્યું છે. શિષ્ય પ્રવેશે ત્યારથી જ 'હવે એ મને પગે લાગશે'ની અપેક્ષા રાખી પોતાનો અહમ્ પોષવાનું કયારેય ન ચુકે. આ તરફ શિષ્યજ્ઞાતીમાં પણ ઘણા એવા છે કે જાહેરમાં પોતાની વિદ્વતા પ્રસ્થાપિત કરવા લોકો સમક્ષ ગુરૂનો ચરણસ્પર્શ કરતા હોય છે.

જેના હૃદયમાં આદર છે એ ખરા મનથી ગુરૂને ન નમીને પણ નમશે જ.

**- ડો. હરીલાલ માલદે**

આશાવાદી ગરીબ નિરાશાવાદી ધનિક કરતાં વધારે સુખી હોય છે.

# ન્યુમરોલોજીની દૃષ્ટિએ 'ગુરૂ'

"ગુરૂ ગોવિંદ દોનો ખડે,
કીસકો લાગુ મૈ પાય
બલિહારી ગુરૂ આપકી
મોહે ગોવિંદ દીયો બતાય"

સૌ પ્રથમ ગુરૂને વંદન. કારણ કે ગુરૂઓ આપણા જીવન ઘડતરમાં બહુ મોટો ફાળો આપે છે. આપણા ધર્મ ગ્રંથો અને વાર્તાઓ ગુરૂની પ્રશંસાથી છલકાય છે. એકલવ્યથી લઇને આજ સુધી દરે વ્યક્તિ જીવે ત્યાં સુધી સ્ટુડન્ટ જ છે. કારણ કે શીખવાનું ક્યારેય પુરૂ નથી થતું.

અહીં આજે હું આપને ન્યુમરોલોજીની દૃષ્ટિએ ગુરૂ સમજાવવાનો પ્રયત્ન કરૂ છું.

**નામ :** ન્યુમરોલોજીની દૃષ્ટિએ C, L અને U વાળા નામો (અક્ષરો) ગુરૂની સત્તા નીચે ગણાય છે. આ ઉપરાન્ત જ્યાં જ્યાં ૩ નો અંક વંચાય ત્યાં ત્યાં ગુરૂનો પ્રભાવ જોવા મળે છે. પછી એ આપનો જન્માંક હોય, માર્ચ (૩ જો) મહિનો હોય, ઘર નંબર, વાહન નંબર, મોબાઈલ કે અકાઉન્ટ નંબર હોય, બધે જ્યાં ૩ નો અંક આવે ત્યાં ગુરૂનો પ્રભાવ જોવા મળે છે.

**અંક મુજબ :** ૩, ૧૨, ૨૧ અને ૩૦ તારીખે જન્મેલા લોકો ગુરૂનાં પ્રભાવ નીચે જોવા મળે. આ લોકોની અમુક પર્સનાલિટી એકસરખી જોવા મળે છે.

**સ્વભાવ :** જન્મજાત નેતૃત્વ શકિત સારી. વર્ગના મોનિટર, સમાજના આગેવાનો, જજ અને સફળ રાજકારણીઓના અંકજ્યોતિષ (ન્યુમરોલોજી)માં ગુરૂ જોવા મળે છે. આ લોકોને ગુસ્સો જલ્દીથી આવી જાય છે. કારણ કે માલિકી ભાવ કે દબાણમાં રહીને કાર્યો કરવા ગમતા નથી. આ લોકો બીજાને મદદગાર ખરા, પરન્તુ જો પોતાને મદદ માંગવી હોય તો શરમ આવે છે.

ઉપરાન્ત તેઓ સદ્‌ગુણી અને માયાળુ હોય છે. સદા અરોસર રહેવું તેમને ગમે છે. ઓર્ડર આપીને કાર્યો કરાવવા ગમે છે. આ લોકોની મહત્વાકાંક્ષા ઉંચી ઉંચી હોય છે. નાનપણથી પૈસા કમાવવો ગમે. અમુક લોકો વધુ પડતું અધિક ખાવાવાળા જોવા મળે છે. આ લોકોને જલ્દીથી ગુસ્સો આવે આથી તેમના મોઢા ઉપર વાંક કાઢવાનો બદલે સમજાવીને કામ કરાવી શકાય.

ન્યુમરોલોજી મુજબ ૩-૬-૯ નું કોમ્બીનેશન ફિલ્મ અને રાજકારણ ક્ષેત્રે ખૂબજ સફળતા, પૈસો અને નામ અપાવે છે.

**ઘર નંબર ૩ -** આ ઘરનાં વાઈબ્રેશન ખુબજ પોઝીટીવ અને ક્રિયેટીવ હોય છે. અહી હંમેશા પાર્ટીઓ, હર્ષોલ્લાસ અને અવાજો આવતા જોવા મળે છે. આ ઘરમાં મહેમાનોની અવર-જવર ખુબ રહે છે.

**મોબાઇલ નં. ૩ -** ક્રિયેટીવ અને Playful નંબર છે. મ્યુઝિશિયન, સ્ક્રીપ્ટરાઇટર્સ, ઓથર, ગીતો લખનાર, આર્ટિસ્ટ, યંગસ્ટર્સ વગેરે માટે આ અંક શુભ છે.

**બેંક અકાઉન્ટ નંબર ૩ -** સમૃદ્ધિથી ભરેલો અંક છે. એકાઉન્ટ ખાલી રહેતું નથી. વળી પૈસો સહજતાથી આવે છે.

નંબર ૩ (ગુરૂ) સમાજ તથા દેશમાં ખુબ જ આદર્શ અને ઉચ્ચ દરજ્જો અપાવે છે. અહીં ૩ નું મિશ્રણ બીજા કયા અંક સાથે છે તે જોવું જરૂરી છે.

અહોભાવ અને ધન્યતાની લાગણી સાથે

**- શ્રીમતી વિશ્વા મગિયા (શાહ)**

# VEDIC JYOTISH SANSTHAN

## -: અંગ્રેજી મીડીયમમાં બાળકોને મૂક્યા હોય તો આ વાંચો :-

મેં ભારતદેશના ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના વિસ્તીર્ણ વિસ્તારોનું પરિભ્રમણ કર્યું છે. આ દેશ એટલો સમૃધ્ધ છે અને તેની પ્રજાનું નૈતિક મૂલ્યોનું સ્તર એટલું ઉન્નત છે કે મેં દેશમાં કોઈ નાગરિક એવો ન જોયો કે જે ભિક્ષુક હોય કેજે ચોર હોય. હું નથી ધારતો કે આવા ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યવાનં દેશને આપણે ક્યારેય પણ જીતી શકીએ. સિવાય કે આ દેશની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસો કે જે રાષ્ટ્રની કરોડરજ્જુ સમાન છે તેનો આપણે નાશ કરી શકીએ.

અને આથી હું દરખાસ્ત કરૂં છું કે આપણે તેની ગૌરવસમી સદીઓ પુરાણી પ્રાચીન શિક્ષણ પ્રણાલી અને તેની સાંસ્કૃતિક પ્રથાઓને મૂળથી જ બદલીએ કે જેના પરિણામે હિન્દુસ્તાનીઓ માનતા થાય કે જે કંઈ વિદેશી છે અને ઇંગ્લીશ છે તે તેમના કરતા વિશેષ સારું છે અને મહાન છે અને આ કારણે તેઓ પોતાની ઓળખ તેમજ આત્મગૌરવ ગુમાવશે. પોતાનું નિજી સાંસ્કૃતિક સ્વરૂપ ગુમાવશે અને તેઓ એવા નાગરિકો બની જશે કે '' જેવા આપણે તેમને ઈચ્છીએ છીએ.''
(કાળ અંગ્રેજો-સ્વૈચ્છિક ગુલામો)

એ ખરા અર્થમાં આપણા આધિપત્યવાળું ગુલામ રાષ્ટ્ર બની રહેશે.

આપણાને ઇતિહાસ(કે ઉઠા) એવો ભણાવાયો કે આપણે અંધકાર યુગમાં જીવતા હતા.

---

કલકત્તા, ઓક્ટોબર ૧૨, ૧૮૩૬

પરમ પ્રિય પિતાજી !

આપણી શાળાઓ ખૂબ સરસ રીતે ઉન્નતિ કરી રહી છે. હિન્દુઓ પર આ શિક્ષણનો પ્રભાવ અદ્ભુત થયો છે. અંગ્રેજી શિક્ષણ મેળવ્યું છે એવો એક પણ હિન્દુ એવો નથી જે સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરતો હોય. થોડા એવા છે જે નીતિના વિચારથી પોતાને હિન્દુ કહે છે અને કેટલાક ખ્રિસ્તી બની રહ્યા છે. એ મારો વિશ્વાસ છે કે જો આપણી આવી જ શૈક્ષણિક નીતિ ચાલતી રહેશે તો અહીંની સન્માનિત જાતિઓમાં આગામી ત્રીસ વર્ષોમાં એક પણ એવો બંગાળી બાકી નહીં બચ્યો હોય જે મૂર્તિપૂજક હોય. આ એમને ખ્રિસ્તી બનાવ્યા વિના જ થઈ જશે. એમના ધર્મમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા પણ નહીં રહે. આપણું (અંગ્રેજી) જ્ઞાન અને વિચારશીલતા વધારવાથી એ કામ આપમેળે થી જશે. આવી સંભાવના પરમને અત્યંત પ્રસન્નતા થઈ રહી છે.

વાંચવા પછી તમારું સ્વાભિમાન શું કહે છે ?

આપનો પ્રિય
**ટી. બી. મેકોલ**

જે બીજાનાં કામની ચિંતા કરતો નથી તે આરામ અને શાંતિ મેળવે છે.

# VEDIC JYOTISH SANSTHAN

## RESULT

### VEDIC JYOTISH PRAVESH

| No. | Student Name | Marks |
|---|---|---|
| 1 | MASTER SADHANA | 88 |
| 2 | VORA MAYUR | 86 |
| 3 | DOSHI VATSALA R. | 85 |
| 4 | GORADIA ANJALI C. | 84 |
| 5 | PRAJAPATI HARSHA J. | 83 |
| 6 | PATEL BHAVINA P. | 83 |
| 7 | GADANI JAYSHREE J. | 83 |
| 8 | TELI DIPTI | 80 |
| 9 | GANDHI CHIRAG P. | 79 |
| 10 | PARIKH PURNIMA B. | 77 |
| 11 | BHATT MINAKSHI B. | 77 |
| 12 | ZAVERI KISHAN R. | 77 |
| 13 | RATHOD REKHA S. | 76 |
| 14. | SHAH ARVIND H. | 75 |
| 15 | DESAI KEYURI J. | 72 |
| 16 | MODI DEEPAK M. | 71 |
| 17 | SHAH MANNISH | 71 |
| 18 | PARIKH MANISHA R. | 70 |
| 19 | SHAH KOMAL | 70 |
| 20 | SAFI NIYATI | 69 |
| 21 | SHAH ROHIT R. | 69 |
| 22 | MEHTA PALLAWIKA A. | 68 |
| 23 | KARIA HANSA | 67 |
| 24 | KAPADIA CHETNA D. | 66 |
| 25 | MEHTA PARASAR | 65 |
| 26 | TRIVEDI RAJESH R. | 64 |
| 27 | RAWAL JALPA | 64 |
| 28 | MISHRA SURYAKUMAR | 63 |
| 29 | SHAH JAYA R. | 63 |
| 30 | SHAH SUNANDA J. | 59 |
| 31 | VASANI HEENA B. | 59 |
| 32 | MEHTA NEENA P. | 58 |
| 33 | MISTRY RAJESH S. | 58 |
| 34 | SURVE KALPANA | 58 |
| 35 | DESAI JAYESH C. | 55 |
| 36 | SAMPAT DEEPAK N. | 55 |
| 37 | SHAH PRAFULCHANDRA A. | 51 |
| 38 | SHETTY ARUSHA | 51 |
| 39 | PATHAK SAMIK U. | 50 |
| 40 | VASANI PRAKASH J. | 50 |
| 41 | PANDYA SANGITA R. | 45 |
| 42 | THAKKAR MIRA K. | 42 |
| 43 | TRIVEDI RAVINDRA N. | 42 |
| 44 | MAKWANA ARVIND S. | 40 |

### VEDIC HAST REKHA VIGNYATA

| No. | Student Name | Marks |
|---|---|---|
| 1 | GADANI JAYSHREE J. | 85 |
| 2 | GANDHI CHIRAG P. | 82 |
| 3 | DOSHI VATSALA R. | 78 |
| 4 | PATEL BHAVINA P. | 76 |
| 5 | SHAH MANNISH | 76 |
| 6 | PARIKH PURNIMA B. | 72 |
| 7 | KAPADIA CHETNA D. | 71 |
| 8 | RAWAL JALPA | 70 |
| 9 | RATHOD REKHA S. | 68 |
| 10 | VASANI HEENA B. | 68 |
| 11 | MEHTA PALLAWIKA A. | 67 |
| 12 | GORADIA ANJALI C. | 66 |
| 13 | KARIA HANSA | 66 |
| 14 | PARIKH MANISHA R. | 65 |
| 15 | SAMPAT DEEPAK N. | 65 |
| 16 | MASTER SADHANA | 64 |
| 17 | SAFI NIYATI | 64 |
| 18 | SHAH PRAFULCHANDRA A. | 64 |
| 19 | PRAJAPATI HARSHA J. | 63 |
| 20 | DESAI JAYESH C. | 61 |
| 21 | MISTRY RAJESH S. | 61 |
| 22 | TRIVEDI RAJESH R. | 61 |
| 23 | VORA MAYUR | 61 |
| 24 | SHAH ARVIND N. | 60 |
| 25 | SURVE KALPANA | 59 |
| 26 | ZAVERI KISHAN R. | 59 |
| 27 | SHAH KOMAL | 58 |
| 28 | THAKKAR MIRA K. | 58 |
| 29 | MISHRA SURYAKUMAR | 57 |
| 30 | TRIVEDI RAVINDRA N. | 57 |
| 31 | DESAI KEYURI J. | 54 |
| 32 | MEHTA PARASAR | 54 |
| 33 | SIDDHAPURA RANCHHOD G. | 54 |
| 34 | MEHTA NEENA P. | 53 |
| 35 | TELI DIPTI | 53 |
| 36 | MODI DEEPAK M. | 52 |
| 37 | SHAH ROHIT R. | 51 |
| 38 | BHATT MINAKSHI B. | 50 |
| 39 | MAKWANA ARVIND S. | 50 |
| 40 | PATHAK SAMIK U. | 49 |
| 41 | SHAH SUNANDA J. | 49 |
| 42 | VASANI PRAKASH J. | 45 |
| 43 | PANDYA SANGITA R. | 42 |
| 44 | SHAH JAYA R. | 40 |
| 45 | LIMBACHIYA BHAVIN | 39 |
| 46 | SHETTY ARUSHA | 38 |

અંધ અનુકરણ કરવાથી આત્મવિકાસને બદલે આત્મ સંકોચ થાય છે.

# કાળસર્પયોગ

કાળસર્પયોગ ૧૨ પ્રકારના છેઃ

૧) **અનંત કાળસર્પયોગ :** લગ્ને રાહુ અને સાતમે કેતુ હોય તેવા જાતક સ્વાતંત્ર્ય વિચારવાળા, નીડર, જાતમેહનતે આગળ આવે, પ્રખ્યાત, વૈચારિક, લઘુતાગ્રંથીથી પીડા ભોગવે, ધૂની, મહત્વાકાંક્ષી, શારીરિક ખોડખાંપણવાળા, માનસિક ચિંતા વધુ, લગ્નજીવનમાં પણ અસંતોષ અને મતભેદો રહ્યા કરે છે. નિરાશા અનુભવ્યા કરે.

૨) **કુલીક કાળસર્પયોગ :** બીજે રાહુ, આઠમે કેતુ વાળા જાતકની આર્થિક પરિસ્થિતી સારી રહેતી નથી, ઘણા જ પરિશ્રમ પછી જીવનનિર્વાહ પૂરતુ ધન મળે છે. જાતકની તંદુરસ્તી સારી રહેતી નથી. વાણી ખરાબ, ઉગ્ર સ્વભાવવાળા, મોં પર શીળીના ચાંઠા હોય, માનસિક બોજાથી ચિતભ્રમ, જાતીય સુખ વિશે લઘુતાગ્રંથિ જોવા મળે, શરૂઆતમાં સંઘર્ષ અને પાછલી જિંદગીમાં પણ સમસ્યાઓ રહે.

૩) **વાસુકી કાળસર્પયોગ :** ત્રીજે રાહુ, નવમે કેતુ વાળા જાતકને કુટુંબ, ભાઈ-બહેનો તરફથી કષ્ટ ઉઠાવવું પડે. નોકરી ધંધામાં ઘણી મુશ્કેલીઓ આવે. યશ-હોદ્દો-પદ-પ્રતિષ્ઠા મેળવવા ઘણો જ પરિશ્રમ કરવો પડે છે. ભાગ્યનું પુરેપુરુ સુખ પ્રાપ્ત થતું નથી. ઘરના સભ્યો અને સગાવહાલાથી મતભેદ, જીવન સંઘર્ષમય, મહેનતુ, ધનવાન, માન મેળવનાર હોય છે.

૪) **શંખપાલ કાળસર્પયોગ :** ચોથે રાહુ અને દશમે કેતુ હોય ત્યારે વિશ્વાસઘાતથી નુકસાની, ઘર કે વતન થી દૂર, માનસિક તંગદિલી, મુશ્કેલી, ભિખારી અવસ્થામાં મૃત્યુ પામે, કરોડપતિ હોય કે ધનવાન અંતે બધુ જ ગુમાવવું પડે, નોકરીમાં મુશ્કેલી, જીવન સદાય મુશ્કેલી ભર્યું રહે.

૫) **પદમકાલ કાળસર્પયોગ :** પાચમે રાહુ, અગિયારમે કેતુ વાળા જાતકને વંશવૃદ્ધિની ચિંતા રહે, અપજશ મળશે તો? કુટુંબમાં જશ-યશ ના મળે, સંન્યાસી જેવું જીવન વિતાવે, જીવન સંઘર્ષમય રહે છતાં મૃત્યુ શાંતીપૂર્ણ મળે.

૬) **મહાપદમ કાળસર્પયોગ :** છઠે રાહુ, બારમે કેતુવાળા જાતક રોગી રહે, શત્રુઓથી ઘેરાયેલા, મનમાં હંમેશા નિરાશાની બીક રહે, આંખના રોગ, મોસાળપક્ષથી હંમેશા દુઃખ રહે, જાતક કજિયાખોર, કુટુંબથી જુદો, ચામડીના દર્દો જેવા કે કોઢથી ચિંતા રહે, પૈસાની ચિંતા રહે, માન-સન્માન મેળવે.

૭) **તક્ષક કાળસર્પયોગ :** સાતમે રાહુ, લગ્ને કેતુ હોય ત્યારે જાતકનું લગ્નજીવન તંગ રહે, માનસિક હેરાનગતિ, ચિંતા રહ્યા કરે, ધંધામાં ભાગીદારનું દુઃખ, અકસ્માતમાં ગંભીર ખોડખાંપણ રહે.

૮) **કર્કોટક કાળસર્પયોગ :** આઠમે રાહુ, બીજે કેતુ હોય તો વધુ મહેનતે ઓછુ ફળ, જિંદગીભર બિમાર રહે, અકસ્માતનો ભય રહે, તબિયતની ચિંતા, વારસાઈ હક માટે ઝઘડા, વાણીમાં સંયમ ન રહેતા નાની મોટી વાતોમાં ઝઘડા કરવા બેસી જાય છે.

૯) **શંખચૂડ કાળસર્પયોગ :** નવમે રાહુ, ત્રીજે કેતુ હોય તો જાતક લકવાનો ભોગ બને છે. પરિવારના સભ્યોથી મતભેદ ઉભા થાય, વિકાસમાં - અનુકુળતાઓમાં અવરોધ આવ્યા કરે, પિતાનું સુખ ઓછુ, દરેક કાર્યમાં જુઠનો - અસત્યનો સહારો લેવા છતાં પોતાના કાર્યમાં સફળતા મેળવતા નથી.

૧૦) **ઘાતક કાળસર્પયોગ :** દસમે રાહુ, ચોથે કેતુ હોય ત્યારે હૃદયનો હુમલો થવાની શકયતા, લગ્નજીવન દુઃખી, પૈસા-ધનનો અભાવ, સુખની પ્રાપ્તિ માટે સખત પરિશ્રમ કરવો પડે.

૧૧) **વિખધર કાળસર્પયોગ :** અગિયારમે રાહુ, પાંચમે કેતુ હોય ત્યારે સંતાનની ચિંતા-સમસ્યા રહે. આંખના રોગ, અનિદ્રા કે હૃદયરોગ જેવી બિમારીઓ આવે છે.

૧૨) **શેષનાગ કાળસર્પયોગ :** બારમે રાહુ, છઠે કેતુ હોય ત્યારે ગુપ્ત શત્રુવાળા, જીવ અધીરાઈવાળો, મૃત્યુ વખતે નામના મેળવે, આંખો નબળી, પેટનું દર્દ હેરાન કરે છે.

- **જ્યોતિબેન સોની** (૩જું વર્ષ)

ફક્ત જ્ઞાનીને માટે જીંદગી એક ઉત્સવ છે.

# જ્યોતિષ ફળ

જ્યોતિષ ફળ અર્થાત જ્યોતિષ શાસ્ત્ર + બદલાતી વર્તમાન જીવનશૈલી. જ્યોતિષ શાસ્ત્ર દૈવિક વિદ્યા છે જે જાણકારને ઈશ્વરીય બ્રહ્માંડની રચના/શક્તિની વાકફીયતને નજીક લઈ આવે છે. આ જ્ઞાનને સંપૂર્ણ ગ્રહણ કરવું એક જીવનમાં શક્ય નથી, પણ અધ્યયન અને પરિશ્રમ સાથે, નિઃસ્વાર્થપણે મેળવેલ જ્ઞાનનો ઉપયોગ જનસેવા માટે થાય તો ઈશ્વરના નિમીત કે દાસ જરૂર બની શકાય અને એ જ્યોતિષ આચાર્ય જ્ઞાન મંદિર તરીકે જરૂર પૂજાને પાત્ર ગણાય.

જ્યોતિષ કથન માટે સાચી જન્મકુંડલી જરૂરી છે. જન્મ સમય અને અપૂર્ણ જ્ઞાન અને માહિતીને આધારે ઘણી જન્મકુંડલીએ બરોબર રહેતી નથી. અને ફળ બરોબર મળી શકાતું નથી જેથી સમાજનો મોટો વર્ગ જ્યોતિષ વિદ્યાને સંપૂર્ણ રીતે વિશ્વાસમાં મુકી શકતું નથી. મિડીયા પણ જ્યોતિષ ફળ દૈનિક રીતે આપે છે તે સંપૂર્ણ તથા સમસ્ત વર્ગ માટે યોગ્ય નથી રહેતું. લોકોને સ્વરાશિનું પુરતું જ્ઞાન પણ નથી હોતું અને બારે રાશિમાંથી જે તેમણે અનુકૂળ લાગે તે માનીને મત મેળવી લે છે. ઘણ જ્યોતિષકારો વ્યાપારની દ્રષ્ટિએ અર્ધપૂર્ણ જ્ઞાન સાથે વ્યક્તિને છેતરીને જ્યોતિષ વિદ્યાનું અર્થઘટન કરે છે, તે વ્યક્તિ ને ગેર માર્ગે દોરાવી વિશ્વાસ ગુમાવે છે.

કેટલીક વ્યક્તિઓનું માનવું છે કે શનિ, મંગળ વગેરે ગ્રહો આપણાથી આટલા દૂર છે, તેઓ કેવી રીતે આપણને અસર પહોંચાડશે. આ બાબત પર મે ખાસ અધ્યયન કરેલ છે. સંસારની દરેક વ્યક્તિ/જીવ જાણે-અજાણે કોઈ ન કોઈ ગ્રહનો રિપ્રેઝેન્ટેટીવ હોય છે અને ગ્રહો પોતાની અસર તેમના રીપ્રેઝેન્ટેટીવથી ભાગ્યે/અભાગ્યે ગોચરની સ્થિતી તથા વ્યક્તિની દશાપ્રમાણે કરીને જ જાય છે. આથી જ સારુનરસુ ફળ વ્યક્તિ ને મળે છે. જીવનમાં આપણને ભાગ્યે/અભાગ્યે જે લાભ-હાની થાય છે તે આજ ગ્રહની આવીજ અસરથી થાય છે.

કોઈ પણ જીવને આજીવન જીંદગીમાં સંપૂર્ણ સુખ કે સંપૂર્ણ દુઃખ નથી રહેતું. કારણ કે ગોચરમાં ગ્રહો બદલાય છે. કોઈનું બાળપણ, કોઈનું યૌવન તો કોઈને વૃદ્ધાવસ્થામાં સુખી કે દુઃખી જીવન ભોગવું જ રહે છે. જ્યોતિષ શાસ્ત્ર દુઃખને કે કાળને બદલી શકતું નથી. પણ તેની જાણ કરાવી શકે છે અને તેના દુઃખને કોઈ અંશે ઓછું કરી શકે છે. અથવા તેને સહેવા માટે શક્તિ જરૂર આપે શકે. ઈશ્વરની સુખ-દુઃખની ગણતરી ચોક્કસ હોય છે જે માનવી સમજી શકતો નથી. આપણે એક સુખની અપેક્ષા રાખીએ તો બીજા સુખ છિનવાઈ જાય પણ અવ્યવહારીક કર્મથી વધુ ફળ મેળવીએ તો આ જન્મમાં કે આવતા જન્મે તે ભોગવે જ છુટકો તેથી જીવનને સાદુ, ધૈર્યવાન અને સંતોષી બનાવી કર્મ કરવાથી મળતું ફળ જીવન સુખી બનાવે છે.

'માણસ માત્ર ભૂલને પાત્ર' જીવનમાં ભૂલ થવી તે દંડ સમાન છે ને તેનું ફળ એજ જીવનમાં ભોગવવું પડે છે. પણ પાપ કરવું સ્વીકાર્ય રહેતું નથી તેનું ફળ વર્તમાન જીવનમાં અથવા ભાવી જીવનમાં ભોગ્યે જ છુટકો થાય.

ઘણી વ્યક્તિઓ એવું માને છે કે ભાગ્ય/નસીબમાં હોય તો કર્મ શા માટે કરવું? કર્મ વ્યક્તિનું કર્તવ્ય છે. ગત જન્મનું ફળ અને આ જીવનનો ગતસમય વર્તમાન જીવનમાં ફળ આપે છે અને ભાવી જીવનમાં પણ તેની અસર રહે છે. માટે કર્મથી વિમુખ ન થવું. ઘણી વ્યક્તિઓ ભક્તિને પ્રાથમિકતા આપે છે. જો આપણે ગુરુની સેવા કરીયે અને અભ્યાસ ન કરીયે તો ભણતર દરમિયાન ભલે ને ગુરુની છાયા રહે પણ આગળ તેનો ઉપયોગ લઈ શકાય નહી. માટે અભ્યાસ અર્થાત કર્મ કરવું જરૂરી છે. કર્મનું સ્થાન સૌથું મોટું છે.ઈશ્વર નથી કહેતો કે કર્મ છોડી તમે મારી ભક્તિ કરો. ઈશ્વર એમ પણ ઈચ્છે છે કે તમે મને નહી મારા ગુણો અને મારા કર્મને યાદ રાખો અને તેને સમજો. ભક્તિની એટલી જ આવશ્યકતા છે કે આપણા કર્મો સફળ થાય.

જીવન એટલે પ્રેમ અને શ્રમની સરિતઓનો સંગમ.

ઘણી વ્યક્તિઓ એવું માને છે કે આપણે ખાલી હાથે આવ્યા ને ખાલી હાથે જઈશું. પણ તે સત્ય નથી. આપણે ધનફળ, ભાગ્યફળ, જ્ઞાનફળ સાથે લાવીએ છીએ અને વર્તમાન જીવનમાં તેમાં વધારો/ઘટાડો કરી પૂર્વજન્મમાં કર્મપ્રમાણે તે લઈ જઈએ છીએ. કોઈક વ્યક્તિ અમુક વિદ્યા/કાર્યમાં બેહદ નિષ્ણાત હોય છે. તેનું કારણ તે ગત જન્મમાં પણ એજ જ્ઞાન ધરાવતો હશે અને સખત મહેનત અને અભ્યાસ કરવા છતાં વર્તમાનમાં સફળતા ન હોય તો તે ગત જન્મમાં વિપરીત જ્ઞાન ધરાવતો હશે ને વર્તમાન જીવનમાં નવેસરથી શરૂ કરતો હોવો જોઈએ.

જ્યોતિષ શાસ્ત્રને અંધશ્રદ્ધાથી નહી પણ જ્ઞાન અને ગણતરીથી સમજવું જરૂરી છે. સમયસર જરૂરત પ્રમાણે જીવનના મુખ્ય મુદ્દા પર તેની ગણતરી કરવી. જીવનના મુખ્ય મુદ્દા, એની જાણ, યોગ્ય જ્ઞાન ધરાવતી વ્યક્તિનું જીવન સરળ રહે છે. નાની બાબતોમાં દૈનિક ઘડી/પળ ગણનાર વ્યક્તિ કર્મથી વિખુટી પડી અંધશ્રદ્ધા કે મુશ્કેલીમાં ધકેલાય છે અને અસફળ બને છે. માટે જ ઈશ્વરે ભગવત્ ગીતામાં કહેલ છે કે કર્મ કર ફળની ચિંતા ન કર, ફળની ગણતરી ઈશ્વર તેની કુંડળીમાં લખી આપે છે. જ્યોતિષ શાસ્ત્ર ફક્ત આ જીવન પુસ્તકનું ગાઈડ/માર્ગદર્શન આપે છે જેથી કર્મના માર્ગને સહાયક બની શકે.

શુભમ્ ભવતુ ।

**- મદનકુમાર વાસુદેવ ભાટિયા**
મલાડ-મુંબઈ



*We are grateful to the Trustees, Committee and Management of the following Institutions for permitting us to utilize their premises for conducting our classes.*

1. **Sheth M.K.E.S. English High School, Malad**
2. **Smt. C. V. Dani High School, Kandivali**

*We are grateful to the Newspaper and advertisers for their best co-operation and support.*

**1) Janmabhoomi** **2) Divya Bhaskar**
**3) Mumbai Samachar** **4) Gujarat Samachar**
**5) Mid Day Gujarat**

# પુષ્ય નક્ષત્ર યોગની સમજ

પુષ્ય નક્ષત્રને દિવસે રવિ પુષ્યથી શનિ પુષ્ય દરમ્યાન કરવાનાં કાર્યોની તથા ખરીદીની સમજ

૧) **રવિ પુષ્ય :** રવિવારે પુષ્ય નક્ષત્ર આવે તો એ દિવસને રવિ પુષ્ય નક્ષત્ર કહેવાય છે. આ દિવસે ઘણા શુભ કાર્યો કરી શકાય છે. જેમાં ખાસ તો રત્નો ધારણ કરવા. કોઈ મહત્વપૂર્ણ કાર્ય કે સિદ્ધી મેળવવા બાબત અથવા સુવર્ણ કે વાહન ખરીદી માટે ખૂબજ સારો દિવસ કહેવાય છે.

૨) **સોમ પુષ્ય :** સોમવારે પુષ્ય નક્ષત્ર આવે તો એ દિવસને સોમ પુષ્ય કહેવાય છે. તથા આ દિવસે શુરૂ કરેલાં નવા કાર્યોમાં કોઈ જ રૂકાવટ કે બાધા આવતી નથી.

૩) **મંગળ પુષ્ય :** મંગળવારે પુષ્ય નક્ષત્ર આવે તો એ દિવસને મંગળ પુષ્ય કહેવાય છે. આ દિવસે સંમોહન, વશીકરણને લગતાં કાર્યો કરી શકાય છે. આ યોગને કારણે કાર્યમાં સફળતા મળે છે.

૪) **બુધ પુષ્ય :** બુધવારે પુષ્ય નક્ષત્ર આવે તો એ દિવસને બુધ પુષ્ય કહેવાય છે. આ દિવસ શેર સટ્ટાના કામકાજ, થાપણ (F.D.), લાંબા ગાળા માટેના રોકાણ કરવા માટેનો ઉત્તમ દિવસ છે. આ દિવસે લીધેલા શેરો પણ સારું વળતર આપે છે.

૫) **ગુરૂ પુષ્ય :** ગુરૂવારને દિવસે પુષ્ય નક્ષત્ર આવે તો એ દિવસને ગુરૂ પુષ્ય નક્ષત્ર કહેવાય છે. પુષ્ય યોગના બધા જ દિવસોમાં ગુરૂપુષ્યનો દિવસ સૌથી શુભ કહેવાય છે. આ યોગની (દિવસની) બધા જ લોકો આતુરતાથી રાહ જોતાં હોય છે. ખાસ તો આ દિવસે ખરીદેલી વસ્તુઓ ઉત્તરોત્તર વધતી હોવાની માન્યતા રહેલી છે. ખાસ તો સોનું આ દિવસે ખરીદવું ખૂબ જ શુભ મનાય છે. આ દિવસે વસાવેલું સોનું કપરી કે વિકટ પરિસ્થિતિમાં વેચવું પડતું નથી, એટલે કે પોતાની પાસે જ રહે છે. આ દિવસે ખરેદેલી વસ્તુ ચિરસ્થાયી બને છે અને તેમાં બીજું નવું ઉમેરાતું જાય છે.

આ ગુરૂ પુષ્ય યોગ બધી રીતે શુભ હોવા છતાં આ દિવસે લગ્ન કરતાં નથી. આ યોગને લગ્ન માટે નિષેધ માનવામાં આવે છે.

૬) **શુક્ર પુષ્ય :** શુક્રવારને દિવસે પુષ્ય નક્ષત્ર આવે તો એ દિવસને શુક્ર પુષ્ય યોગ કહેવાય છે. પ્રેમ સંબંધી કાર્યો માટે ઘણો સારો દિવસ છે. પ્રેમ માટે સારો દિવસ છે. પરંતુ વિવાહ માટે વ્યર્જ દિવસ છે. અમુક શાસ્ત્રકારો આ યોગને ચાંડાળ યોગ કહે છે. માટે આ યોગ શુભ કાર્યો માટે વર્જીત દિવસ છે.

૭) **શનિ પુષ્ય :** શનિવારે પુષ્ય નક્ષત્ર આવે તો એ દિવસને શનિ પુષ્ય નક્ષત્ર યોગ કહેવાય છે. આ દિવસ યંત્ર સિદ્ધ કરવા માટે ઉત્તમ દિવસ છે. તદ્ઉપરાંત આ દિવસ તંત્ર પ્રયોગ માટે પણ ઉત્તમ હોય છે. આ દિવસે કરેલા તાંત્રિક પ્રયોગો સફળ થાય છે.

**- અશોક ચૌહાણ**


# VEDIC JYOTISH SANSTHAN

## કુંડળી ચર્ચા

| | | |
|---|---|---|
| નામ | : | |
| જન્મતારીખ | : | ૧૯-૧૧-૧૯૧૭ |
| જન્મ સમય | : | ૨૩.૧૧.૦૦ રાતે |
| જન્મ વાર | : | સોમવાર |
| જન્મ તિથી | : | કારતક સુદ ૬ |
| જન્મ સ્થળ | : | અલાહાબાદ |
| ઉત્તર અક્ષાંશ | : | ૨૫.૨૮' |
| પૂર્વ રેખાંશ | : | ૮૧.૫૨' |
| અયનાંશ | : | ૨૨.૪૨.૫૩' |
| દિનમાન | : | ૧૦.૪૮.૫૯' |

| | રાશિ અંશ કળા વિકળા |
|---|---|
| લગ્ન | - ૦૩.૨૭.૨૩.૩૫ |
| સૂર્ય | - ૦૭.૦૪.૦૭.૩૦ |
| ચંદ્ર | - ૦૯.૦૫.૩૫.૧૦ |
| મંગળ | - ૦૪.૧૬.૨૨.૨૮ |
| બુધ | - ૦૭.૧૩.૧૩.૪૬ |
| ગુરૂ(વક્રી) | - ૦૧.૧૪.૫૯.૫૭ |
| શુક્ર | - ૦૮.૨૧.૦૦.૨૦ |
| શની | - ૦૩.૨૧.૪૭.૧૭ |
| રાહુ | - ૦૮.૧૦.૩૩.૩૯ |
| કેતુ | - ૦૨.૧૦.૩૩.૩૯ |
| હર્ષલ | - ૦૯.૨૭.૧૪.૫૨ |
| નેપચ્યુન | - ૦૩.૧૪.૨૨.૫૧ |
| પ્લુટો | - ૦૨.૧૨.૨૬.૫૬ |
| માંદી | - ૦૨.૧૩.૧૯.૦૯ |
| ⊕ | - ૦૫.૨૮.૫૧.૧૫ |

### જન્મ કુંડળી




### નવમાંશ કુંડળી




### કારકાંશ કુંડળી




ગુરૂ, મંગળ વર્ગોત્તમી છે.
ગુરૂ અને શની પુષ્કર નવમાંશમાં છે.
નવમાંશમાં સ્વગ્રહી શુક્ર છે.
શની, ચંદ્ર પરિવર્તનયોગમાં છે.
મંગળ, સૂર્ય પરિવર્તનયોગમાં છે.
શુક્ર, ગુરૂ પરિવર્તનયોગમાં છે.

અસત્ય વિજયી નીવડે તો પણ તે વિજય અલ્પ જીવી હોય છે.

આ કુંડળી  કર્ક લગ્નની ચર સ્વભાવ ધરાવતી જળતત્વની છે. કર્ક રાશિમાં ચંદ્ર સ્વક્ષેત્રી થાય છે. આ જાતકો લાગણીપ્રધાન હોવાથી બીજાની વાતોમાં દોરવાઈ જાય છે. આ રાશિનો અમલ પાચનતંત્ર પર જઠર અને આંતરડા પર છે. અ રાશિના જાતકો શરદી, તથા ન્યુમોનિયા, ફેફસામાં પાણી ભરાવું જેવા રોગથી પીડાય છે.

કર્ક લગ્નની કુંડળીમાં લગ્નમાં શની છે. તે ૭માનો, ૮માનો માલિક તરીકે રહીને ૩જે, ૭મે, ૧૦મે દ્રષ્ટિ કરે છે. શનીની ત્રીજી દ્રષ્ટિ જાતકમાં જીદીપણું, દ્રઢવિચાર ધરાવે છે. શનીની ૧૦મી દ્રષ્ટિ રાજ્યના કામમાં રસ લેવડાવે છે.

શની જાતકને ધૈર્યતા, સહનશીલતા, ન્યાયપ્રિયતાની કસોટી કર્યા બાદ શુભફળ આપે છે. માટે શનીને દંડનાયક કહેવાય છે. કર્ક લગ્નવાળા જાતકો તથા લગ્નમાં નેપચ્યુન ધરાવતા જાતકોની આંખો કામણગારી, આકર્ષણવાળી અને લોભાવનારી હોય છે. અને કોઈ એક પ્રકારની ગૂઢ શક્તિ ધરાવતા હોય છે.

મંગળ અતિશય ક્રોધી, લડાયક વૃત્તિનો હોવાથી લશ્કરી ઉપરીઓ માટે તાત્કાલિક નિર્ણયની આવશ્યકતા ધરાવે છે.

પૃથ્વી તત્વની રાશિમાં ⊕ હોતા જાતક ધીરજથી, વ્યવસ્થિત પ્રયત્નોથી ઈચ્છિત લક્ષ્ય પાર પાડવા લાયકાત કેળવવાની શકિતનો નિર્દેશ થાય છે.

મકર રાશિનો હર્ષલ મહત્વના કાર્યો ગંભીરતાથી અને હિંમત રાખી જવાબદારીપૂર્વક પૂરા કરે છે. અભિપ્રાયને મક્કમતાથી વળગી રહે છે. મિથુન રાશિમાં કેતુવાળા વાચાળ, પોતાની વાત ગળે ઉતારવા માટેની મિઠાશ ધરાવનારા, પ્રસંગ આવે ચાલાકી પણ કરનારા હોય છે.

કર્ક લગ્નમાં □ △ નો માલિક થઈને મંગળ રાજયોગ ધરાવે છે. ધન સ્થાનમાં બેઠો છે. મંગળ વર્ગોતમ ગ્રહ છે. મંગળ અને સૂર્ય, ધનેશ અને પંચમેશ થઈને પરિવર્તન યોગ કરે છે. મંગળની ૪થી, ૭મી, ૮મી દ્રષ્ટિ-પંચમ ભાવ પર, અષ્ટમ ભાવ પર અને ભાગ્યભુવન પર પડે છે. મંગળની ૮મી દ્રષ્ટિ ભાગ્યભુવન પર પડવાને કારણે સમાજમાં સારી આબરૂ અને લોકોમાં તેનું ખેંચાણ રહે છે. કર્ક લગ્નમાં લગ્નેશ ચંદ્ર અને સપ્તમેશ શનીનો પણ પરિવર્તન યોગ થાય છે. લગ્નમાં શની શત્રુક્ષેત્રી થઈને બેઠો છે. ચંદ્ર પણ શનીની મકર રાશિમાં નિર્બળ થઈને બેઠો છે.


આ કુંડળીમાં એક પણ ગ્રહ ઉચ્ચનો નથી. સ્વગૃહી નથી. એક દ્રષ્ટિએ જોતા આ કુંડળી નિર્બળ ગણાય. પરંતુ સફળતા પાછળ કુંડળીના પરિબળો એ ભાગ ભજવ્યો છે. આ કુંડળીમાં છ ગ્રહો પરિવર્તન યોગમાં છે. જે ભાગ્યેજ કોઈની કુંડળીમાં જોવા મળે.

૧) સૂર્ય + મંગળનો પરિવર્તન યોગ અતિ શુભ ફળ આપનારો છે. પરિવર્તન યોગને કારણે શત્રુને મહાત કરવાની શકિત જાતકને બક્ષે છે. પાંચમાં ભાવમાં સૂર્ય હોવાને કારણે પોતાની ખ્યાતિ તથા સમાજમાં પ્રતિષ્ઠા માટેના ગુણો ધરાવે છે. સરકારી કામકાજોમાં સફળતા મળે.

૨) ગુરૂ + શુક્ર બન્ને પરિવર્તન યોગમાં છે. ગુરૂ + શુક્ર બન્ને પુષ્કર નવમાંશ યુક્ત છે. નવમાંશમાં પણ સ્વગૃહી શુક્ર છે. જેથી પોતાની પ્રવૃત્તિમાં અને ભાગ્યમાં યશનો વધારો થાય તેવા પ્રબળ સંકેતો ધરાવે છે.

ભારતના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી તરીકે પ્રથમ વખત શપથ ૨૪-૧-૧૯૬૬ ના દિવસે ગ્રહણ કર્યા તે વખતની કુંડળી -

# VEDIC JYOTISH SANSTHAN





શ્રીમતી ઈંદિરા ગાંધી નો જન્મ ૧૯-૧૧-૧૯૧૭ ને દિવસે ઉ.ષાઢાના ૩જા ચરણમાં થયો છે. ગોચરના ગુરૂ જ્યારે જન્મકુંડળીના (વૃષભનો ગુરૂ) ગુરૂ પરથી પસાર થયો ત્યારે તેમણે પ્રથમ વખત શપથ ગ્રહણ કર્યા અને રાજકીય કારકિર્દીની નોંધપાત્ર શરૂઆત થઈ.


ગોચર ગુરૂ જન્મકુંડળીના રાહુ અને શુક્ર પર થી તા. ૯-૧-૧૯૭૨ થી ૨૧-૧-૧૯૭૩ સુધી પસાર થાય છે. ત્યારે રાહુ + ગુરૂનો ચંડાળયોગ થાય છે. ચંડાળયોગ દ્વારા દગાબાજી, વિશ્વાસઘાત, ખોટા નિર્ણયો, ખોટા સાહસોથી નુકશાન થાય છે.

શ્રીમતી ઈંદિરાજીનું પ્રથમ સન્તાન રાજીવ ગાંધીનો જન્મ (૨૦-૮-૧૯૪૪) રાહુમાં શનીની અંતર્દશામાં ગુરૂની પ્રત્યન્તર દશામાં થયો. બીજું સંતાન સંજય ગાંધીનો જન્મ (૧૪-૧૨-૧૯૪૬) રાહુમાં બુધમાં શનીની પ્રત્યન્તર દશામાં થયો.

## સૂર્યાત બિંદુ




## ચંદ્રાત બિંદુ




## નાડ્યાંશ બિંદુ




## દ્રેષ્કાણ કુંડળી




## જૈમિની કુંડળી

| | |
|---|---|
| આત્માકારક ગ્રહ | - શની |
| અમાત્યકારક | - શુક્ર |
| ભાતૃકારક | - મંગળ |
| માતૃકારક | - ગુરૂ |
| પિતૃકારક | - બુધ |
| જ્ઞાતિકારક | - ચંદ્ર |
| સ્ત્રીકારક | - સૂર્ય |

શ્રીમતી ઈંદિરા ગાંધીની કુંડળીમાં આત્મકારક ગ્રહ અને અમાત્યકારક ગ્રહ, શની અને શુક્ર પરસ્પર ૬ઠે, ૮મે બેઠા છે. પરંતુ નવમાંશ કુંડળીમાં આત્મકારક ગ્રહ શની થી અમાત્યકારક ગ્રહ શુક્ર ૧૦મે છે.

શ્રીમતી ઇંદિરા ગાંધીની કુંડળીમાં અમાત્યકારક ગ્રહ શુક્ર રાહુ સાથે ૬ઠા ભાવમાં છે. તેમણે રાજનૈતિક લડાઈઓ લડી, લડાઈઓ હાર્યા અને અંતમાં ફરીથી જીત થઈ.

તા. ૧૨-૧૧-૧૯૬૯માં ગુરૂમાં રાહુની દશામાં હકાલપટ્ટી થઈ. ૧૯૭૧માં શનીમાં શનીની અંતર્દશામાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. શનીમાં શુક્રની અંતર્દશામાં પુન: સત્તા પર આવ્યા.

ક્રુર રાશિ : ૮મા ભાવની રાશિ - કુંભ
